ખાતાનાં જુદા જુદા પ્રકાર

અભ્યાસક્રમઃ જુદા જુદા પ્રકારના ખાતાંઓ – ચાલુ ખાતાં, બચત ખાતાં, બાંધી મુદતના ખાતાં,-- રિકરીંગ ખાતું, બિનરહીશના ખાતાં, ગ્રાહકના પ્રકારો : (૧) સામાન્ય અને (૨) વિશિષ્ટ - વિશિષ્ટમાં (i) સગીર (ii) પરિણિત સ્ત્રી (iii) ભાગીદારી પેઢી (iv) સંયુક્ત ખાતેદારો (v) જોઈન્ટ સ્ટોક કંપની (vi) બિન વેપારી સંસ્થાઓ.

વર્તમાન બેકર માટે ગમે તે ખાતું ખોલતી વખતે ઓળખાણનું મહત્વ સવિશેષ છે.

[૪.૧] પ્રાસ્તાવિક

[૪. ૨] ખાતાના પ્રકાર :

[અ] ચાલુ ખાતાં

(બ) બચત ખાતાં

[ક] બાંધી મુદતના ખાતાં

[ડ] અન્ય પ્રકારના ખાતાંઃ

(૧) રિકરિંગ ડિપોઝીટ ખાતાં

(૨) એન્યુઇટી અથવા નિવૃત્તિ યોજનાઓને લગતા ખાતાં

(૩) હાઉસિંગ ડિપોઝીટ યોજના.

(૪) સમૃદ્ધિ ડિપોઝીટ યોજના

(૫) બોબ સુવિધા (ફ્લેક્સીબલ ડિપોઝીટ સ્કીમ)

(૬) બોબ ફ્યુચર

(૭) વિદેશમાં વસતા ભારતીયો માટેની થાપણ યોજનાઓ

(૮) કેશ સર્ટિફિકેટ

(૯) કોલ ડિપોઝીટ અને શોર્ટ ડિપોઝીટ

(૧૦) પોસ્ટ ઓફિસ બચત ખાતુ

(૧૧) પોસ્ટ ઓફિક્સ માસિક આવક યોજના

[૪.૩] ખાતું ખોલવું - વિવિધ પ્રકારના ખાતા ખોલવા અંગે

[૪.૪] બચતખાતું અને બાંધી મુદતનું ખાતું વચ્ચેનો તફાવત

[૪.૫] ગ્રાહકના પ્રકારો (1) સામાન્ય અને (ii) વિશિષ્ટ

ટૂંકા પ્રશ્નો

સ્વાધ્યાય

[૪.૧] પ્રાસ્તાવિકઃ

આપણે આગળ જોઈ ગયા કે, બેંકના બે મહત્ત્વના કાર્યો જાહેર જનતા પાસેથી થાપણો સ્વીકારવી અને જરૂરીયાતવાળાઓને તેનું ધિરાણ કરવું છે. બેંકને એની આવકનો મોટો ભાગ ધિરાણ અને રોકાણો પરના વ્યાજમાંથી મળે છે. પણ ધિરાણ માટે બેંક પાસે પૂરતાં નાણાંકીય સાધનો હોવા જોઇએ. દરેક બેંક પાસે પોતાની મૂડી હોય છે, પરંતુ તેનો મોટો ભાગ સ્થિર મિલક્તોમાં રોકાઈ જતો હોય છે. આથી મૂડીમાંથી મોટી રકમ ધિરાણ માટે મળી શકતી નથી. જનતાની ધિરાણની પૂરી માંગ પોતાની સાધનોમાંથી સંતોષવાનું બૅકને માટે શક્ય નથી. આથી બેંકોએ ધિરાણ કરવા માટે જાહેર જનતા પાસેથી થાપણો દ્વારા નાણાકીય સાધનો ઊભા કરવાં પડે છે, તે માટે જાહેર જનતા પાસેથી થાપણો સ્વીકારવામાં આવે છે. ગ્રાહકો પાસેથી થાપણ મેળવવા માટે બેંકમાં ગ્રાહકોના ખાતા ખોલી થાપણો સ્વીકારવામાં આવે છે. વિવિધ પ્રકારના ગ્રાહકોની વિવિધ પ્રકારની જરૂરિયાતોને સંતોષવા માટે બેંકો જુદા જુદા પ્રકારના ખાતા ખોલાવવાની સગવડ ગ્રાહકોને આપે છે. ખાતાંના જુદા જુદા અનેક પ્રકાર છે, પરંતુ નીચેના ત્રણ પ્રકાર મહત્ત્વના ગણાવી શકાય :

[૪.૨] ખાતાનાં પ્રકાર :

(અ) ચાલુ ખાતાં (Current Account)

(બ) બચત ખાતાં (Savings Account)

(ક) બાંધી મુદતના-ખાતાં-(FIXed:Deposit Account).

હવે આપણે આ દરેક પ્રકારનાં ખાતાનો વિગતવાર અભ્યાસ કરીશું. ,

[અ] ચાલુ ખાતાં (Current Account)

બાંધી મુદતનાં ખાતાં અને બચત ખાતાં ખોલવા પાછળનો ઉદેશ ગ્રાહકોને વ્યાજના દરનું આકર્ષણ પૂરું પાડી તેમની બચતો એકત્રિત કરી નાણાંકીય સાધનો ઊભા કરવાનો છે, જ્યારે ચાલુ ખાતાના પ્રાથમિક ઉદેશ ગ્રાહકોને રોકડ વ્યવહારોમાં રહેલાં જોખમોમાંથી મુક્ત કરવાનો તથા ચુકવણીની સુવિધાઓ પૂરી પાડવાનો છે.

વેપારીઓ પણ પોતાના ધંધામાં નાણાની ચૂકવણી અને વસૂલાત માટે ચાલુ ખાતાઓ ખોલાવે છે.

ચાલુ ખાતામાં જમા રકમ હોય ત્યાં સુધી દિવસના ગમે તેટલીવાર નાણાંનો ઉપાડ કરી શકાય છે. ઉપાડની સંખ્યા અને રકમ ઉપર કોઈ નિયંત્રણ નથી. તેવી જ

રીતે ચાલુ ખાતામાં રકમ જમા કરાવવા પર પણ કોઈ મર્યાદા નથી. દિવસમાં ગમે તેટલીવાર અને ગમે તેટલી રકમ જમા કરાવી શકાય છે. ત્રાહિત વ્યક્તિને નામે લખાયેલા ચેક પર જો યોગ્ય શેર કરવામાં આવ્યો હોય, તો તેવા ચેક પણ વસૂલાત માટે ચાલુ ખાતામાં જમા કરાવી શકાય છે. ગ્રાહક તેના ચાલુ ખાતામાં ડ્રાફ્ટ, હૂંડીઓ વગેરે પણ વસૂલાત માટે જમા કરાવી શકે છે.

મોટા ધંધાદારીઓ, કંપનીઓ, ભાગીદારી પેઢીઓ સંસ્થાઓ અને પબ્લિક કોર્પોરેશન જેવી મોટી સંસ્થાઓ માટે ચાલુ ખાતાં અનુકૂળ છે તેમણે દરરોજ અનેકવાર બેંકિંગ વ્યવહારો કરવા પડે છે. મોટી વેપારી પેઢીઓ કે સંસ્થાઓએ દિવસના અનેકવાર અનેક વ્યક્તિઓને કે પેઢીઓને નાણાં ચૂકવવાના હોય છે અને દિવસના અનેકવાર દેવાદારો પાસેથી રોકડ કે ચેક પણ મળે છે. નાણાંની ચૂકવણી માટે અને આવેલ રોકડ રકમ અને ચેક જમા કરાવવા માટે ચાલુ ખાતું સૌથી વધારે અનુકૂળ પડે છે.

ચાલુ ખાતામાંથી ગ્રાહક દિવસમાં ગમે તેટલીવાર ગમે તેટલી રકમ ઉપાડી શકતો હોવાથી બેંકરે ચાલ ખાતાની થાપણો સામે સારી એવી રોકડ રકમ હાથ પર રાખવી પડે છે. ગ્રાહકના ચાલુ ખાતાની બાકી સિલક માંગે ત્યારે ચૂકવવાની જવાબદારી (Demand Liability) તરીકે ઓળખાય છે.

ચાલુ ખાતાનો વહીવટી ખર્ચ પણ વધારે આવે છે. ગ્રાહકનું ચાલુ ખાતું ખોલીને દિવસમાં ગમે તેટલીવાર તેના વતી ચુકવણી કરવાની તથા ગ્રાહક વતી તેના ચેક, હૂંડીઓ, ડ્રાફ્ટ વગેરેનાં નાણાં વસલ કરવાની જવાબદારી બંકર સ્વીકારે છે. એને કારણે ચાલુ ખાતાની વહીવટી ખર્ચ વધારે આવે છે. તદ્ઉપરાંત બેંકરે ચાલુ ખાતાની થાપણોનો મોટો ભાગ રોકડમાં રાખવો પડતો હોવાથી તેના પર વ્યાજ કમાવાની તક પણ તેને ખાસ મળતી નથી. આ બધાં કારણોને લીધે બેંકો ચાલુ ખાતાંની થાપણો પર વ્યાજ ચૂકવતી નથી.

ચાલુ ખાતાનાં લક્ષણોઃ

(૧) આવા ખાતાં મોટા ગ્રાહકોને રોકડની લેવડદેવડમાંથી મુક્ત કરવા માટે રાખવામાં આવે છે. - એટલે કે ધંધાના રોજબરોજના વ્યવહારોની ચૂકવણી અને વસૂલાત માટે છે, નહિ કે બચત માટે.

(૨) આવા ખાતામાં ચેક, ડ્રાફ્ટ વગેરે જમા કરાવી તેના નાણાં વસૂલ કરાવી શકાય છે. આ સેવા આપવામાં બેંકને ખર્ચ થતો હોવાથી બેંક ચાલુ ખાતા પર વ્યાજ આપતી નથી.

(૩) જો ગ્રાહક ચાલુ ખાતામાં પૂરતી રકમ જમા રાખે છે જેથી બેંકને થતો ખર્ચ તેમાંથી જ નીકળી રહે, તો બેંક તેના પર કોઈ ચાર્જ લેતી નથી, પરંતુ જેમાં બેંકને ખર્ચ કરવો પરવડે નહિ તે અંગે બેંક ખર્ચ વસૂલ કરે છે.

ચાલુ ખાતું ધરાવનાર ગ્રાહકને બચત ખાતું ધરાવનાર ગ્રાહકની સરખામણીમાં નીચેના વિશિષ્ટ લાભ મળે છે :

(૧) ત્રાહિત પક્ષના યોગ્ય શેરો કરેલા ચેકો વસૂલાત માટે ચાલુ ખાતામાં જમા કરાવી શકાય છે. બચત ખાતામાં ત્રાહિત પક્ષના ચેકો જમા કરાવી શકાય નહીં.

(૨) ઓવરડ્રાફ્ટની સગવડ ફક્ત ચાલુ ખાતુ ધરાવનારને જ આપવામાં આવે છે.

(૩) બેંક તરફથી ગ્રાહકને જે લોન-ધિરાણ આપવામાં આવે છે તે રોકડમાં ચૂકવવામાં આવતા નથી પણ એના ચાલુ ખાતા મારફત જ ચૂકવવામાં આવે છે.

ગ્રાહકે બેંકમાંના એના ચાલુ ખાતામાં અમુક નિયત કરેલી રકમ સિલક તરીકે રાખવાની હોય છે. સામાન્ય રીતે આ રકમ રૂ. ૫,૦૦૦ હોય છે. જો ગ્રાહકના ચાલુ ખાતામાં નિયત કરેલી રકમ કરતાં ઓછી સિલક રહેતી હોય, ખાતાના વ્યવહારોની સંખ્યા વધુ હોય અને ખાતું આર્થિક રીતે પોષાય તેવું ન હોય તો તેવા ગ્રાહક પાસે બેંક આનુષંગિક ખર્ચ વસૂલ લે છે.

બેંકર ગ્રાહકને જે ધિરાણ કે લોન આપે છે તે રોકડમાં આપવામાં આવતા નથી. પરંતુ ગ્રાહકનું ચાલું ખાતું ખોલવામાં આવે છે અને તે ખાતે તે રકમ જમા કરવામાં આવે છે. ગ્રાહકને જેમ જેમ નાણાંની જરૂર પડે તેમ તેમ ઉપાડ કરે છે.

[બ] બચત ખાતા (Savings Accounts) :

સામાન્ય રીતે મધ્યમવર્ગ અને બાંધી આવક જૂથના લોકો જેઓ પોતાની ચાલુ આવકમાંથી ભાવિ જરૂરિયાતોને સંતોષવા માટે બચત કરવા માંગે છે અને તે બચત પર વ્યાજની આવક મેળવવાની ઇચ્છા ધરાવે છે તેમના માટે બેંકો બચત ખાતાંની સગવડ આપે છે. કોઈપણ વ્યક્તિ બચત ખાતું ખોલાવી શકે છે. બેંકો ઉપરાંત પોસ્ટ ઑફિસો પણ બચત ખાતાંની સગવડ પૂરી પાડે છે.

જે લોકો મોટી રકમ બચાવી શકે એમ ન હોય અને જેમની પાસે બાંધી મૂદતની થાપણ મૂકવા માટે પૂરતા નાણાં નહીં હોય તેવા લોકો માટે બચતખાતું ખૂબ ઉપયોગી છે. બેંકોને માટે બચત ખાતાનું મહત્વ ચાલુ ખાતા કે બાંધી મુદતના ખાતા જેટલું નથી. આમ છતાં મધ્યમ વર્ગના નાની આવકવાળા લોકોને સહાયભૂત થવા માટે બેંકો આ પ્રકારના ખાતા ખોલે છે.

બચત ખાતાં પર બે કો તરફથી અમુક નિયંત્રણો મૂકવામાં આવ્યા છે. પરંતુ બેંકો આવાં ખાતાં પર ઠીક ઠીક ઊંચા દરે વ્યાજ પણ ચૂકવે છે. હાલમાં બચતા ખાતાના પર વાર્ષિક ૩ ટકાના દરે વ્યાજ ચુકવવામાં આવે છે. બાંધી મુદતની થાપણની સરખામણીમાં બેંકોએ બચત ખાતાની થાપણ સામે રોકડ વધારે પ્રમાણ માં રાખવી પડે છે. પણ ચાલુ ખાતાની સરખામણીએ રોકડમાં રાખવાની રકમનું પ્રમાણ ઓછું હોય છે. કારણકે બચત ખાતામાંથી કરવાના ઉપાડની સંખ્યા પર નિયંત્રણ મૂકવામાં આવે છે.

તેથી બાંધી મુદતની થાપણો પરના વ્યાજના દર કરતાં બચત ખાતા પર વ્યાજના દર પ્રમાણમાં નીચા હોય છે.

બચત ખાતામાં ગમે તેટલી રકમ-સામાન્ય રીતે ઓછામાં ઓછી રૂ. ૧૦૦ જમા કરાવી શકાય , છે. બચતખાતામાં ત્રાહિત પક્ષના ચેકો વસુલાત માટે સ્વીકારવામાં આવતા નથી. રિઝર્વ બેન્કના આદેશ મુજબ હવેથી દૈનિક જમા રકમ ઉપર વ્યાજ ગણવામાં આવશે. બેંકો સામાન્ય રીતે દર છે મહિને વ્યાજ જમા આપે છે. જ્યારે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા વાર્ષિક ધોરણે વ્યાજ જમા આપે છે.

કોઈ પણ વેપારી અથવા ધંધાકીય સંસ્થા માટે બચત ખાતુ ખોલવા પર રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા દ્વારા પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. આવી સંસ્થા એકાકી વેપારી હોય કે ભાગીદારી પેઢી હોય અથવા જોઈન્ટ સ્ટોક કંપની કે એસોસિયેશન હોય તો પણ બચત ખાતું ખોલી શકાતું નથી. તેમણે ચાલુ ખાતું જ ખોલાવવું પડે.

(ક) બાંધી મુદતની થાપણ (Fixed Deposit)

સમાજમાં એક એવો વર્ગ છે, જેની પાસે ફાજલ નાણાં છે અને તેમને તે નાણાંની અમુક સમય સુધી જરૂર પડવાની હોતી નથી. આ લોકો તેમની પાસેનાં વધારાનાં નાણાં અમુક ચોક્કસ સમય માટે બેંકમાં થાપણ તરીકે મૂકી તેના પર ઊંચા દરે વ્યાજની આવક મેળવે છે. આવા વર્ગની રોકાણવૃત્તિને સંતોષવા માટે બેંકો બાંધી મુદતનાં ખાતાં ખોલે છે.

બાંધી મુદતની થાપણો એટલે ખાતું ખોલતી વખતે નક્કી કરેલ મુદત પૂરી થાય ત્યારે પરત કરવાને પાત્ર બનતી થાપણો. ખાતું ખોલતી વખતે જ મુદત નક્કી કરવામાં આવે છે. આ મુદત સામાન્ય રીતે ૩૦ દિવસથી માંડી પાંચ વર્ષ કે વધુ સમય માટેની હોઈ શકે છે. બેંકિંગ નિયમન ધારા હેઠળ મળેલી સત્તાની રૂએ રિઝર્વ બેંકે વ્યાજના દર મહત્તમ મર્યાદામાં રહીને નક્કી કરવાની સત્તા જે તે બેંકને આપી છે. બેંક ઓફ બરોડાના તા. ૧-૫-૨૦૦૯થી અમલમાં આવતા વ્યાજના દર નીચે મુજબ છે : સમયાંતરે આ દરોમાં પરિવર્તન થયા કરે છે.

સમયગાળો	વ્યાજનો દર (ટકાવારીમાં)
1. 7 દિવસથી 14 દિવસ	3.50 ટકા
2. 15 દિવસથી 45 દિવસ	4.50 ટકા
3. 46 દિવસથી 90 દિવસ	5.00 ટકા
4. 91 દિવસથી 180 દિવસ	5.50 ટકા
5. 181 દિવસથી એક વર્ષ કરતાં ઓછી	6 ટકા
6. એક વર્ષથી વધુ અને બે વર્ષથી નીચે	6.50 ટકા
7. બે વર્ષથી ઉપર અને ત્રણ વર્ષની નીચે	6.50 ટકા
8. ત્રણ વર્ષથી વધુ અને પાંચ વર્ષથી નીચે	7.00 ટકા
9. પાંચવર્ષથી 10 વર્ષ	7.00 ટકા

ધી સુરત ડીસ્ટ્રીકટ કો. ઓપરેટીવ બૅન્ક લિ.ના થાપણો પરના વ્યાજના દર તા. ૧-૯-૨૦૦૯થી અમલમાં નીચે મુજબ છે.

(૧) ૭ દિવસથી ૩૦ દિવસ સુધી

(૨) ૩૧ દિવસથી ૪૫ દિવસ સુધી ૩.૫%

(૩) ૪૬ દિવસથી ૯૦ દિવસ સુધી ૪%

(૪) ૯૧ દિવસથી ૧૭૯ દિવસ સુધી

(૫) ૧૮૦ દિવસથી ૩૬૪ દિવસ સુધી ૬%

(૬) ૧ વર્ષથી ઉપર ૧૦ વર્ષ સુધી ૬.૫%

સીનીયર સીટીઝનમાં ૧/૨% વ્યાજ વધુ આપવામાં આવશે.

વખતોવખત રિઝર્વ બેંક જે સૂચનાઓ આપે તેને આધીન વ્યાજના દરો રહેશે. બાંધી મુદતની થાપણની મુદત, થાપણ સ્વીકારતી વખતે જ અગાઉથી નક્કી કરવામાં

આવે છે. તે મુદત પૂરી થાય ત્યારે જ તે નાણાં પરત કરવાનાં હોવાથી બંકર તે નાણાંનું રોકાણ વધુમાં વધુ લાભકારક નીવડે તે રીતે કરી શકે છે. બેંકરે હાથ પર રોકડ પણ ઓછી રાખવી પડે છે અને આવી થાપણીનું વહીવટી ખર્ચ પણ પ્રમાણમાં ઓછું હોય છે. તેથી બેંકો અન્ય થાપણની સરખામણીમાં આવી થાપણો પર ઊંચા દરે વ્યાજ ચૂકવે છે.

(૧) બાંધી મુદતની થાપણો પર વ્યાજના દર :

મુદતી થાપણ પર સામાન્ય રીતે વ્યાજના દર ઊંચા હોય છે. જેમ મુદત વધુ લાંબી તેમ વ્યાજના દર ઊંચા. થાપણ પર ચૂકવવાના વ્યાજના દરોનું રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા નિયમન કરે છે. રિઝર્વ બેંક વખતોવખત વ્યાજનો જે દર નક્કી કરે છે તે દર જુદી જુદી મુદતની થાપણો પર લાગુ પડે છે. બેંકો અને ગ્રાહકો માટે તે દર બંધનકર્તા બને છે. એમ છતાં અમુક વખતે બેંકની કુલ થાપણોને ધ્યાનમાં રાખી નક્કી કરેલા ધોરણો કરતાં ૧/૪, ટકો કે ૧/૨, ટકો વ્યાજ વધુ ચૂકવવાની બેંકોને છૂટ આપવામાં આવે છે.

ધાર્મિક સંસ્થાઓ, હોસ્પિટલો, શૈક્ષણિક સંસ્થાઓ અને ગરીબ લોકોને રાહત આપવા માટે સ્થપાયેલી સંસ્થાઓએ જો બેંકમાં મુદતી થાપણો મૂકી હોય તો તેમને રિઝર્વ બેંકે નક્કી કરેલા દર કરતાં ૧/૨, ટકો વધુ વ્યાજ આપવાની પરવાનગી બેંકોને આપવામાં આવે છે. આધુનિક સમયમાં વયસ્ક વ્યક્તિઓ (senior citizens)ને પણ બાંધી મુદતની થાપણ પર સામાન્ય દર કરતાં ૧/૨, ટકાથી ૧ ટકા જેટલો વધારે વ્યાજનો દર ચૂકવવામાં આવે છે.

બાંધી મુદતની થાપણો પર રિઝર્વ બેંકના વખતોવખતના આદેશ અનુસાર બેંકો વ્યાજ ચૂકવે છે. ગ્રાહક અને બેંક વચ્ચે થાપણ મૂકતી વખતે વ્યાજના દર અંગે જે કરાર થાય છે તે રિઝર્વ બેંકના આદેશને આધીન હોય છે. ખાતું ખોલાવતી વખતે (થાપણ મૂકતી વખતે) બેંક તરફથી ગ્રાહકને આપવામાં આવતી રસીદની પાછળ વ્યાજનો દર રિઝર્વ બેંક ના વખતોવખતના આદેશોને પાત્ર રહેશે એવી શરત દર્શાવવામાં આવી હોય છે.

અમુક મુદત માટે મૂકેલી થાપણો પાકે તે પહેલાં, લાંબી મુદતની થાપણ પરના વ્યાજના વ ઊંચા દર મેળવવાની ઇચ્છાથી જો કોઈ ગ્રાહક મુદતમાં વધારો કરવાની બેંકને વિનંતી કરે તો મુદતમ વધારો કરી આપવાની સત્તા પણ બેંકોને આપવામાં આવી છે.

કમ મુદત, તેની સહીનો નમૂનો, ઇન્કમટેક્ષ ખાતા તરફથી આપવામાં આવેલો પરમેનન્ટ એકાઉન્ટ બિર (PAN) વગેરે માહિતી આપવાની હોય છે. અરજી મળ્યા પછી બેંક થાપણ સ્વીકારીને રસીદ પાપે છે જેને બાંધી મુદતની થાપણની રસીદ (Fixed Deposit Receipt) તરીકે ઓળખવામાં પાવે છે. રસીદ એ તેમાં દર્શાવેલી રકમની થાપણની સ્વીકૃતિના તથા તેમાં દર્શાવેલ મુદત અને નાજના દરના પુરાવા તરીકે કામ કરે છે.

બાંધી મુદતની થાપણના નાણા (અ) બધા થાપણદારોને સંયુક્ત રીતે અથવા (બ) કોઈપણ એક જીવિતને અથવા (ક) પ્રથમ અથવા જીવિતને ને ચૂકવવાની શરતે મૂકી શકાય.

થાપણ મૂકનારાઓએ જે શરત મૂકી હોય તે થાપણની રસીદમાં દર્શાવવામાં આવે છે.

વ્યાજની ચુકવણી : બાંધી મુદતની થાપણ પર નક્કી કરેલા દરે વ્યાજ ચૂકવવામાં આવે છે. થાપણની મુદત પૂરી થાય ત્યારે વ્યાજ ચૂકવવા પાત્ર બને છે. ૧૨ મહિના કે તેનાથી વધુ મુદતની ડિપોઝીટ પર દર ત્રણ મહિને વ્યાજ ચૂકવવામાં આવે છે. વ્યાજ લેવા માટે થાપણની રસીદ બેંકમાં રજૂ કરવાની હોય છે. ચેક દ્વારા વ્યાજ ઉપાડી શકાય નહિ અને બેંકો બાંધી મુદતની થાપણ કે તેનું વ્યાજ ઉપાડવા માટે ચેકની સગવડ આપતી પણ નથી. ગ્રાહક વિનંતી કરે તો વ્યાજ અને થાપણની મુદત પૂરી થયે મુદલ રકમ ગ્રાહકના ચાલુ ખાતામાં કે બચત ખાતામાં બેંક જમા કરે છે અને પછી ચહક ચાલુ ખાતામાંથી કે બચત ખાતામાંથી ચેક દ્વારા તે રકમ ઉપાડી શકે છે.

પાકની તારીખ પછીના સમયનું વ્યાજ : સામાન્ય રીતે બાંધી મુદતની થાપણ પાકે, ત્યારે ગ્રાહક તે થાપણ ઉપાડી નહિ લે તો પાકતી તારીખ પછીના સમય માટે વ્યાજ ચૂકવવાની બેંકરની જવાબદારી રહેતી નથી. આમ છતાં પણ જો ગ્રાહક તે થાપણને નવેસરથી બાંધી મુદતની થાપણ તરીકે મૂકે એટલે કે ""રિન્યુ" (Renew) કરાવે તો બેંકો સામાન્ય રીતે જૂની થાપણાની પાક્યા તારીખ અને "રિન્યૂ કરાવ્યાની તારીખ વચ્ચેની મુદતનું વ્યાજ પણ ચૂકવે છે, પરંતુ તે માટે નીચેની બે શરતોનું પાલન થવું જરૂરી છે :

૧. પાકતી તારીખથી જ થાપણ રિન્યૂ કરાવવામાં આવેલી હોવી જોઈએ અને

૨.	જેટલી મુદત માટે થાપણ રિન્યૂ કરવામાં આવી હોય તે મુદત માટે વ્યાજનો જે દર નક્કી કરવામાં આવ્યો હોય તે જ દરે એ વચગાળાના સમય માટે પણ વ્યાજ ચૂકવવામાં આવે છે.

પાકતી તારીખ પહેલાં ચુકવણી : બાંધી મુદતની થાપણ તરીકે મૂકેલી રકમની જો ગ્રાહકને પાકતી તારીખ પહેલા જરૂર પડે તો બેંક સામાન્ય રીતે ગ્રાહકને પાકતી તારીખ પહેલા થાપણ. ઉપાડી લેવાની છૂટ આપે છે. પરંતુ આવા સંજોગોમાં રિઝર્વ બેંકે તે મુદત માટે નક્કી કરેલા વ્યાજના દર કરતાં ઓછામાં ઓછા બે ટકા ઓછા દરે થાપણ મૂકનારને વ્યાજ ચૂકવવામાં આવે છે.

બાંધી મુદતની થાપણની રસીદ સામે ધિરાણઃ બાંધી મુદતની થાપણની રસીદને તારણ તરીકે સ્વીકારીને બેંક તેની સામે ગ્રાહકને લોન આપી શકે છે. પરંતુ થાપણ પર જે દરે વ્યાજ ચૂકવવામાં આવતું હોય તેના કરતાં લોન પર બે ટકા વધુ વ્યાજ લેવામાં આવે છે. ફિક્સ્ડ ડિપોઝિટ રસીદ પર 'Not Transferable' એવા શબ્દો લખવામાં આવે છે. એટલે કે, તેની માલિકીની તબદીલી કરી શકાતી નથી. પરંતુ જો ગ્રાહકે રસીદ પર પોતાની સહી કરીને તેના નાણાં લેવાની સત્તા બીજી વ્યક્તિને આપી હોય તો બેંક તેવી વ્યક્તિને નાણાં ચૂકવી શકે છે.

બાંધી મુદતની થાપણો અને સમયમર્યાદાનો કાયદોઃ જ્યાં સુધી થાપણ પર વ્યાજ ચૂકવવામાં આવતું હોય ત્યાં સુધી અથવા પાકતી મુદતે તે રિન્યૂ કરવામાં આવે ત્યાં સુધી તેને સમયમર્યાદાને કાયદો લાગુ પડતો નથી. જો કાપણ રિન્યૂ કરાવવામાં ન આવી હોય તો જે તારીખે થાપણ જ ચૂકવણીને પાત્ર બનતી હોય તે તારીખથી સમય મર્યાદાનો કાયદો લાગુ પડે છે. થાપણ પરત મેળવવા માટે રસીદ રજૂ કરવાની શરત હોય તો જ્યાં સુધી રસીદ રજૂ કરવામાં ન આવે ત્યા સુધી સમયમર્યાદાની મુદત શરૂ થતી નથી.

[3] અન્ય પ્રકારનાં ખાતાંઃ

બેંક દ્વારા ખોલવામાં આવતાં પ્રણાલિકાગત ખાતાંઓના મુખ્ય પ્રકારો - બાંધી મુદતનાં ખાતાં. બચત ખાતા અને ચાલુ ખાતાની ચર્ચા આપણે કરી ગયા. આધુનિક સમયમાં વિવિધ પ્રકારના ગ્રાહકોની જરૂરિયાતો સંતોષવા માટે અને તેમને વિવિધ સગવડો આપવા માટે બેંકો અન્ય પ્રકારનાં ખાતાંઓ પણ ખોલે છે. આવાં ખાતાંઓમાં કેટલાંક ખાતાંનો ઉદ્દેશ લોકોમાં બચત કરવાની ટેવ પાડવાનો હોય છે, કેટલાંક ખાતાંનો

ઉદેશ ગ્રાહકને મકાન ખરીદવા કે બાંધવા માટે નાણાંની સગવડ કરી આપવાનો હોય છે, જ્યારે કેટલાંક ખાતાંઓનો ઉદેશ નિવૃત્તિના કપરા સમયમાં નોકરિયાત વર્ગને આર્થિક રીતે સહાયભૂત થવાનો હોય છે. અમૂક ખાતાં ખોલવા પાછળનો ઉદેશ વિદેશી હૂંડિયામણ પ્રાપ્ત કરવાનો પણ હોય છે. આવાં જુદા જુદા પ્રકારનાં ખાતાંઓની હવે આપણે ટૂંકમાં ચર્ચા કરીશું.

(૧) રિકરિંગ ડિપોઝિટ ખાતાં અથવા ક્યમ્યુલેટિવ ડિપોઝિટ ખાતાં (Recurring Deposit or Cumulative Deposit Accounts) :

આ પ્રકારનું ખાતું એ બચત ખાતાનો જ એક પ્રકાર છે. જેનો હેતુ ગ્રાહકને નિયમિત બચત કરવા માટે ઉત્તેજન આપવાનો છે. ગ્રાહકને આવી બચત પર સાદા સેવીંગ્સ ખાતા કરતા ઉંચા દરે વ્યાજ મળે છે. ગમે તે વ્યક્તિ આવું ખાતું ખોલાવી શકે છે. સગીરના નામે તેનો વાલી પણ આવું ખાતું ખોલાવી શકે છે અને સગીર પોતે પણ પોતાને નામે રિકરિંગ ડિપોઝિટ ખાતું ખોલાવી શકે છે.

જે ગ્રાહક રિકરિંગ ડિપોઝિટ ખાતું ખોલાવે છે તેણે અમુક નક્કી કરેલી સમયમર્યાદા (સામાન્ય રીતે એક વર્ષ બે વર્ષ, ત્રણ વર્ષ કે પાંચ વર્ષ) સુધી દર મહિને નિયમિત રીતે, અગાઉથી નક્કી કરેલી રકમ, જે સામાન્ય રીતે રૂ. ૫ કે તેના ગુણાંકમાં હોય છે, આવા રિકરિંગ ખાતામાં ભરવાની હોય છે. દા.ત. એક વર્ષ માટેનું રૂ. ૧૦નું રિકરિંગ ખાતું ખોલાવ્યું હોય તો એક વર્ષ સુધી દર મહિને રૂ. ૧૦ તે ખાતામાં જમા કરાવવા પડે છે.

બચત ખાતા કરતાં રિકરિંગ ડિપોઝિટ ખાતા પર વ્યાજના દર ઊંચા હોય છે. કારણ કે બચત ખાતાની જેમ તે ખાતામાંથી રકમ વારંવાર ઉપાડી શકાતી નથી. બેંકે તે ખાતાઓ સામે હાથ પર રોકડ પણ વધારે રાખવી પડતી નથી. તેથી આવાં ખાતાઓની થાપણોનું રોકાણ બેંક વધારે લાભકારક રીતે કરી શકે છે. તેથી આવાં ખાતાં પરના વ્યાજના દર બચત ખાતા પરના વ્યાજના દર કરતાં ઊંચા હોય છે. સામાન્ય રીતે તેટલી જ મુદતનાં બાંધી મુદતનાં ખાતાં પર આપવામાં આવતા વ્યાજના દરે આવાં ખાતા પર વ્યાજ આપવામાં આવે છે. બાંધી આવકવાળી વ્યક્તિને આવા ખાતા દ્વારા નિયમિત રીતે બચત કરવાની ટેવ પડે છે.

બેંકની એક શાખામાં ખોલાવવામાં આવેલું રીકરીંગ ડિપોઝીટ ખાતું તે જ બેંકની બીજી શાખામાં ટ્રાન્સફર કરાવી શકાય છે. રીકરીંગ ખાતું ખોલાવનાર વ્યક્તિને બેંક

તરફથી એક પાસબુક આપવામાં આવે છે જેમાં ભરેલી રકમની વિગત નોંધવામાં આવે છે.

ખાતાની મુદત પાકે બેંકમાં છેલ્લો હપ્તો ભર્યાની તારીખથી એક મહિના બાદ) એટલે ગ્રાહકે ભરેલી રકમ અને તેના પરના વ્યાજની રકમ ગ્રાહકને ચૂકવી આપવામાં આવે છે.

(૨) એન્યુઈટી અથવા નિવૃત્તિ યોજનાઓને લગતાં ખાતાં :

નિવૃત્તિ પછી પોતાને અમુક રકમ એકસામટી મળે અથવા નિવૃત્તિ પછી દર મહિને નિયમિત રીતે અમુક રકમના હપ્તા મળે એવી ઇચ્છા જે વ્યક્તિ રાખતી હોય છે તેને માટે આવી યોજના વધારે

(અ) બિન રહિશના (બાલ) ખાતાં (Non-Resident (Extemal) Accounts) :

ભારતના જે નાગરિકો વિદેશમાં વસવાટ કરે છે તેઓ આ યોજના હેઠળ ભારતમાં વેપારી બેંકોમાં રૂપિયાના ચલણમાં ખાતું ખોલાવી શકે છે. ખાતું ભારતીય ચલણમાં જ ખોલવામાં આવે છે. ભારત બહાર વસવાટ કરતા ભારતીયો અથવા ભારતમાં જન્મેલો હોય તેવાં વિદેશી આવું ખાતું ખોલાવી શકે છે. અન્ય વિદેશીઓ ઓવું ખાતું ખોલાવી શકતા નથી. આ ખાતાની મુદલ રકમ અને તેના પર ચઢેલું વ્યાજ પ્રવર્તમાન વિનિમય દર મુજબ વિદેશી ચલણમાં પરત કરી શકાય છે. આવા ખાતાની થાપણોનું રોકાણ યુનિટ ટ્રસ્ટ ઑફ ઇન્ડિયાના યુનિટોમાં નેશનલ સેવિંઝ઼ઃ સર્ટિફિકેટોમાં, સરકારી જામીનગીરીઓ, વગેરેમાં કરવામાં આવે છે. આવાં રોકાણોમાંથી મળતી વ્યાજની આવક અને મુદલ રકમ બંને ખાતું ખોલવાનાર ને પ્રવર્તમાન વિનિમય દર મુજબ વિદેશીચલણમાં પરત કરી શકાય છે. આવા ખાતા પર મળતી વ્યાજની આવક કરમુક્ત છે.

આ પ્રકારના ખાતાની મુખ્ય ખામી એ છે કે જો વિનિમયદર ખાતેદારને પ્રતિકૂળ બને તે રીતે બદલાય તો ખાતેદારને નુકસાન સહન કરવું પડે છે. દા.ત. ખાતું ખોલાવતી વખતે કે તેમાં થાપણ મૂકતી વખતે રૂપિયા અને પાઉન્ડ વચ્ચેનો વિનિમયદર, રૂ. ૭૪ = ૧ પાઉન્ડ હોય અને ખાતેદાર ૧ પાઉન્ડ જમા કરાવે તો તેના ખાતામાં રૂ. ૭૪ જમા થશે. પરંતુ ખાતેદારને પૈસા પરત કરતી વખતે જો વિનિમય દર બદલાઈને રૂ. ૭૫ = ૧ પાઉન્ડ થઈ જાય તો ખાતેદારને ખાતે રૂ. ૭૪ જમા હોવાથી તેને પૂરો ૧ પાઉન્ડ પરત

મળી શકતી નથી. કારણ કે બદલાયેલા વિનિમય દરના સંદર્ભમાં હવે ૧ પાઉન્ડ પરત મેળવવા માટે તેના ખાતામાં રૂ. ૭૫ જમા હોવા જોઈએ.

વિનિમયદરમાં થતા ફેરફારને કારણે ઉપસ્થિત થતા જોખમ ને લીધે સરકાર તરફથી આપવામાં આવતા અન્ય પ્રોત્સાહનો પણ ઉપયોગી નીવડતા નથી. આ જોખમ સામે ખાતેદારને રક્ષણ મળી શકે એટલા માટે બીજા પ્રકારના ખાતાની નવી યોજના સરકારે દાખલ કરી છે.

(બ) બિન-રહિશના વિદેશી ચલણ ખાતાં [Foreign currency (Non-Resident) Accounts) :

ભારતમાં વસવાટ ન કરતા હોય એવા ભારતીયો માટે રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાએ ૧લી નવેમ્બર, ૧૯૭૫થી વિદેશી ચલણમાં ખાતાં ખોલવાની બેંકોને પરવાનગી આપી છે. આ યોજના હેઠળ બેંકો વિદેશી ચલણમાં જે ખાતાં ખોલે છે તે Foreign Currency (Non-Resident) Accounts તરીકે ઓળખાય છે. આ યોજનાનાં મુખ્ય લક્ષણો નીચે મુજબ છે : '

(૧) આ યોજના હેઠળ ખોલવામાં આવતાં ખાતાં સરકારે પસંદ કરેલ અમુક કન્વર્ટિબલ ચલણોમાં ખોલવામાં આવે છે. અત્યારે સરકારની પસંદગી પામેલ કન્વર્ટિબલ ચલણોમાં ડોલર અને પાઉન્ડનો સમાવેશ થાય છે. વિદેશમાં વસતા ભારતીયો ડોલર કે પાઉન્ડમાં આવા ખાતાં ભારતની વેપારી બેંકોમાં ખોલાવી શકે છે. ખાતું ખોલાવ્યા પછી ચેક, ડ્રાફ્ટ, મેઈલ ટ્રાન્સફર કે ટેલિગ્રાફિક ટ્રાન્સફર દ્વારા ભારતમાં થાપણો મોકલીને ખાતેદારો તેમના ખાતામાં નાણાં જમા કરાવી શકે છે. જો તેઓ અન્ય કન્વર્ટિબલ ચલણો દા.ત., ફ્રાંક કે યેનમાં થાપણો મોકલે તો ગ્રાહકની સૂચના અનુસાર બેંકો પ્રવર્તમાન વિનિમય દર મુજબ ડોલર કે પાઉન્ડમાં તે રૂપાંતરિત કરે છે અને પછી ખાતામાં જમા કરે છે.

(૨) આવી થાપણો ઓછામાં ઓછા ૯૧ દિવસ અને વધુમાં વધુ ૬૧ મહિના માટે જ રાખવામાં આવે છે. વ્યાજના દર તે મુદત માટે ભારતમાં રૂપિયામાં મુકાયેલી થાપણોના જેટલા જ હોય છે. વિદેશમાં વસતા ભારતીયોની એક વર્ષ કરતાં વધારે મુદતની ડિપોઝીટ પર એટલા જ સમયની સ્થાનિક ચલણ (રૂપિયા)માં મૂકેલી ડિપોઝીટ કરતાં ૨ ટકા વધારે વ્યાજ આપવામાં આવે છે.

(૩) આ થાપણો પરનું વ્યાજ ભારતીય આવકવેરામાંથી મુક્ત છે અને ખાતેદારે જે ચલણમાં ખાતું ખોલાવેલું હોય તે જ ચલણમાં તેને તે ચૂકવી શકાય છે.

(૪) વિનિમયદરમાં થતી વધઘટ ને કારણે મુદલ રકમ કે વ્યાજ માટે કોઈ જોખમ ઊભું થતું નથી, કારણ કે જે ચલણમાં થાપણો મૂકવામાં આવી હોય તે જ ચલણમાં ખાતેદારને એની થાપણ અને એના પરંતુ વ્યાજ પરત મળે છે. વિનિમયદરમાં થતા ફેરફારોમાંથી ઊભા થતાં જોખમ સામે ખાતેદારને રક્ષણ મળે છે.

(૫) રિઝર્વ બેંકની પૂર્વસંમતિ લીધા વગર પણ ખાતાની સંપૂર્ણ રકમ ખાતેદારને પરત કરી શકાય છે.

(૬) આવી થાપણો સ્વીકારવા અંગે અને તેના પર લોન/ધિરાણ આપવા માટે તથા ધિરાણ પર લેવાના વ્યાજના દર અંગે રિઝર્વ બેંકે નક્કી કરેલા નિયમ નીચે મુજબ છે :

આવી થાપણો સામે રિક્વ બેંકની પૂર્વસંમતિ મેળવ્યા બાદ જ લો કે પિરાણા આપી શકાય છે. તેના પર નીચેના દરે વ્યાજ લેવામાં આવશે :

૧. લોન કે ધિરાણ લેનાર વ્યક્તિના નામ પરજ થાપણ મૂકવામાં આવી હોય તો તે થાપણ પર જેટલા ટકાના દરે વ્યાજ આપવામાં આવતું હોય તેના કરતાં બે ટકા જેટલું વધુ વ્યાજ લેવામાં આવશે.

૨. લોન કે ધિરાણ લેનાર વ્યક્તિને નામ પર નહિ, પરંતુ બીજી વ્યક્તિના નામે થાપણ. મૂકવામાં આવી હોય તો ઓછામાં ઓછા ૧૨ ૧/૨, ટકા વ્યાજ લેવામાં આવશે.

૩. થાપણના ઓછામાં ઓછા ૨૫ ટકા જેટલું માર્જિન રાખીને જ લોન આપી શક્ય, એટલે કે ૧૦૦ ડોલરની થાપણ સામે વધુમાં વધુ ૭૫ ડોલર જેટલી લોન કે ધિરાણ આપી શકાય.

(૭) રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા એકટની કલમ ૪(૭) મુજબ શિડ્યુલ બૅંકોએ રોજની સરેરાશ સિલક, મુદતી થાપણો અને ચાલુ થાપણોના ઓછામાં ઓછી ૫ ટકા જેટલી રોકડ અનામત રાખવાની હોય છે. તેમાંથી આવી વિદેશી ચલણની થાપણોને મુક્ત રાખવામાં આવી છે. એટલે કે રોજની સરેરાશ ૫ ટકાની ગણતરી કરતી વખતે મુદતી થાપાને ચાલુ થાપણોમાં આવી વિદેશી ચલણની થાપણીનો સમાવેશ કરવામાં આવતો નથી.